સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા)
ઈસરોની સામે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ નં.: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

# કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા(Class 1-2) માટેનો પ્રશિક્ષણવર્ગ ૨૦૨૧-૨૨

(જાહેરાત ક્રમાંક: સીજીઆર-તાલીમ/૨૦૨૧-૨૨/પ્રવેશપરીક્ષા/૨૦૨૧/ઈડીપી)

(આ જાહેરાત માત્ર તાલીમવર્ગ સંબંધિત છે.)

## :સીજીઆરએસસી તાલીમવર્ગ ૨૦૨૧-૨૨ના શુભારંભ તેમજ ચોથા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પ સંબંધિત વિગતવાર નોટીસ:

સંસ્થા દ્વારા સીજીઆરએસસીની પ્રવેશ પરીક્ષા સંબંધિત ત્રણ તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. સદર ત્રણ કેમ્પ બાદ સીજીઆરએસસી પ્રશિક્ષણવર્ગમાં ભરવાની થતી કુલ ૪૬૦ સીટો પૈકી સેન્ટરવાઈઝ અને કેટેગરીવાઈઝ ખાલી રહેલ સીટોની વિગત નીચે મુજબ છે.

ત્રીજા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પ બાદ સેન્ટરવાઈઝ અને કેટેગરીવાઈઝ કુલ ખાલી સીટોની વિગત

| Center | Total Seats | General | | SC | | ST | | SEBC | | EWS | | Total Vacant Seats |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | M | F | M | F | M | F | M | F | M | F | |
| SPIPA Batch 1 | 100 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 00 |
| SPIPA Batch 2 | 100 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 00 |
| RTC ABAD B-1 | 52 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **3** | 0 | 0 | **1** | 04 |
| RTC ABAD B-2 | 52 | 0 | 0 | **1** | 0 | 0 | 0 | **9** | 0 | 0 | **2** | 12 |
| RTC Rajkot | 52 | **5** | 0 | **3** | **1** | **5** | **2** | **9** | **2** | **2** | **2** | 31 |
| RTC Vadodara | 52 | **3** | 0 | **3** | 0 | 0 | 0 | **9** | **3** | **3** | **2** | 23 |
| RTC Surat | 52 | **9** | 0 | **3** | 1 | 1 | 0 | **9** | **5** | **3** | **2** | 33 |
| **Total** | 460 | 17 | 0 | 10 | 02 | 06 | 02 | 39 | 10 | 08 | 09 | 103 |

- ઉક્ત પત્રકમાં દર્શાવેલ સેન્ટરવાઈઝ અને કેટેગરીવાઈઝ કુલ ૧૦૩ ખાલી સીટો ભરવા સારું ચોથા અને અંતિમ તબક્કાના એક દિવસીય રજીસ્ટ્રેશન કેમ્પનું **તા.24/03/2022 ગુરુવારના રોજ સવારે ૦૯.૦૦ કલાકથી** સ્પીપા-અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

## <u>ચોથા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પની તારીખ અને સ્થળ:</u>

- સંબંધિત ઉમેદવારોએ નીચે મુજબના સમય અને સ્થળે હાજર થવાનું રહેશે.

| **<u>ચોથા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પનું સ્થળ:</u>**<br>સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)<br>ઈસરો તથા સુંદરવનની સામે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫ | | |
|---|---|---|
| તારીખ અને સમય | મેરિટ નં. | વિગત |
| તા.**24/03/2022**<br>ગુરૂવાર<br>સવારે ૦૯.૦૦ કલાકે | ** | - અગાઉના ત્રણ રજીસ્ટ્રેશન કેમ્પમાં ગેરહાજર રહેલ પરંતુ હવે ઉપલબ્ધ સીટો પર પ્રવેશ લેવા ઈચ્છુક હોય તેવા તમામ પુરૂષ અને મહિલા ઉમેદવારો (દિવ્યાંગ સહિત)<br>- મેરિટમાં આગળ હોય અને જે તે કેમ્પ સમયે ગેરહાજર હોય પરંતુ હવે ખાલી સીટો પૈકીની સીટ પર પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોને ચોથા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પમાં પ્રથમ પ્રાયોરીટી આપવામાં આવશે.<br><u>**નોંધ**</u>: આ ઉમેદવારોને હવે સેન્ટરવાઈઝ દર્શાવેલ ખાલી સીટો પર જ પ્રવેશ મળશે. |
| | ૧૮૦૧ થી ૧૮૫૦ સુધી | એસસી (SC) કેટેગરીની તમામ મહિલા ઉમેદવારો |
| | ૨૬૦૧ થી ૨૬૫૦ સુધી | એસટી (ST) કેટેગરીની તમામ મહિલા ઉમેદવારો |
| | ૧૯૦૧ થી ૨૨૦૦ સુધી | એસઈબીસી (SEBC) કેટેગરીની તમામ મહિલા ઉમેદવારો |
| | ૨૯૫૧ થી ૩૬૫૦ સુધી | ઈડબલ્યુએસ (EWS) કેટેગરીની તમામ મહિલા ઉમેદવારો |
| | | |
| | ૧૦૦૧ થી ૧૫૦૦ સુધી | જનરલ (General) કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |
| | ૧૦૦૧ થી ૧૩૦૦ સુધી | એસસી (SC) કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |
| | ૨૨૦૧ થી ૨૩૩૦ સુધી | એસટી (ST) કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |
| | ૧૧૦૧ થી ૧૭૦૦ સુધી | એસઈબીસી (SEBC) કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |
| | ૧૫૦૧ થી ૨૨૦૦ સુધી | ઈડબલ્યુએસ (EWS) કેટેગરીના તમામ પુરુષ ઉમેદવારો |

<u>નોંધ: તમામ તાલીમકેન્દ્ર ખાતે પૂરતાં પ્રમાણમાં સંખ્યાબળ મળી રહે તે હેતુસર સેન્ટરવાઈઝ અને કેટેગરીવાઈઝ સીટો ભરવા સારું ખરેખર કુલ ખાલી સીટો કરતાં અંદાજિત ત્રણ-ચાર ગણા વધારે ઉમેદવારોને ચોથા રજીસ્ટ્રેશન કેમ્પમાં બોલાવવામાં આવેલ છે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.</u>

- પાના નં.૧ માં દર્શાવેલ પત્રક મુજબની ખાલી સીટો પર જ ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.

- પ્રથમ, બીજા અને ત્રીજા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પમાં હાજર રહેલ ઉમેદવારોને સેન્ટર એલોકેશન કરવામાં આવેલ છે. તેઓએ ચોથા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પમાં હાજર થવાનું રહેતું નથી. પ્રવેશ મેળવેલ ઉમેદવારોએ તાલીમવર્ગ શરૂ થયેથી તેઓને ફાળવવામાં આવેલ સંબંધિત તાલીમકેન્દ્ર ખાતે જ વ્યાખ્યાન ભરવા સારું હાજર થવાનું રહેશે.

## ચોથા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પ સંબંધિત તથા પ્રશિક્ષણ વર્ગ અંગેની સૂચનાઓ

- દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ સ્પીપા, અમદાવાદ અને પ્રા.તા.કે. અમદાવાદ ખાતે કુલ ૦૨ બેચમાં ઉમેદવારોને તાલીમ આપવામાં આવશે. બંને તાલીમકેન્દ્ર ખાતે બેચ-૧ના ઉમેદવારોને પ્રથમ તાલીમ અપાશે, બેચ-૧ના ઉમેદવારોની તાલીમ પૂર્ણ થયા બાદ બેચ-૨ના ઉમેદવારોને તાલીમ આપવામાં આવશે.
- ઉમેદવારોને રાજ્યસરકારશ્રીની અનામતનીતિ અને સંસ્થાના તા.૨૬/૧૦/૧૬ના પરીપત્ર મુજબ તેઓના મેરિટ અને પ્રેફરન્સને ધ્યાને લઈ સેન્ટર એલોટમેન્ટ કરવામાં આવશે.

**રજીસ્ટ્રેશન કેમ્પ દરમ્યાન ગેરહાજર રહેવા અંગે:**

- ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કેમ્પ માટે તેઓને જે તારીખ અને તાલીમકેન્દ્ર ફાળવવામાં આવેલ છે ત્યારે અચૂકપણે ડોક્યુમેન્ટ વેરીફીકેશન અને ડિપોઝીટ પેમેન્ટ માટે હાજર થવાનું રહેશે. જો ઉમેદવારો નિયત સમય દરમ્યાન તાલીમકેન્દ્ર ખાતે પ્રવેશ પ્રક્રિયા માટે હાજર થશે નહિ તો તેઓ પ્રવેશ મેળવવા ઈચ્છુક નથી તેમ માનીને ત્યારબાદ મેરિટના ઉમેદવારોને પ્રવેશ માટે તક અપાશે.
- અનિવાર્ય સંજોગોવસાત જો કોઈ ઉમેદવાર રજીસ્ટ્રેશન કેમ્પમાં હાજર રહી શકે તેમ નથી તો તેવા ખાસ કિસ્સામાં ઉમેદવારોએ પોતાના પ્રતિનિધિ(માતા/પિતા/સંબંધી)ને પોતાના જરૂરી ડોક્યુમેન્ટસ અને ડિપોઝીટની રકમ સાથે સંબંધિત તાલીમકેન્દ્ર ખાતે હાજર થવા જણાવવાનું રહેશે. તેમજ ઉમેદવારે પોતાના પ્રતિનિધિને આ અંગેનો ઓથોરીટી લેટર પણ આપવાનો રહેશે.
- નિયતસમયમર્યાદા બાદ પ્રવેશ મેળવવા અંગેની કોઈ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

**ડોક્યુમેન્ટ વેરીફિકેશન અને રિફંડેબલ ડિપોઝીટ કલેક્શન:**

- ઉમેદવારોએ પોતાને ફાળવવામાં આવેલ તાલીમકેન્દ્ર ખાતે નીચે દર્શાવેલ યાદી મુજબના આપના અસલ ડોક્યુમેન્ટસ અને તેની સ્વપ્રમાણિત નકલ લઈને ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે જવાનું રહેશે.

| | | | |
|---|---|---|---|
| 1 | SSC Marksheet | 5 | Caste Certificate (If required) |
| 2 | HSC Marksheet | 6 | Non-creamilayer Certificate (If required) |
| 3 | School Leaving Certificate | 7 | PH Certificate (If required) |
| 4 | Degree Certificate of Graduation | 8 | AADHAR Card |

- ડોક્યુમેન્ટ વેરીફીકેશન બાદ ઉમેદવારોએ રિફંડેબલ ડિપોઝીટ પેટે રૂ.૭૦૦૦/- (રૂ. સાત હજાર પૂરા) UPI (PhonePe, GooglePay, Paytm etc) થી ભરવાના રહેશે. અન્ય કોઈ માધ્યમથી ડિપોઝીટ સ્વીકારવામાં આવશે નહિ. ડિપોઝીટની રકમ ભર્યા બાદ જ ઉમેદવારનો પ્રવેશ આખરી ગણાશે.

## તાલીમવર્ગ સંબંધિત સૂચના:

- તમામ તાલીમકેન્દ્રો ખાતે ઉમેદવારોને બેચ દીઠ અંદાજીત ૨-૩ મહિના સુધી દરરોજ ૫-૬ કલાક સઘન તાલીમ આપવામાં આવશે.

- દરેક તાલીમકેન્દ્ર ખાતે ઉમેદવારોને માત્ર વ્યાખ્યાનની સુવિધા પૂરી પાડવામાં આવશે. ઉમેદવારોએ રહેવાની તથા જમવાની સુવિધા સ્વખર્ચે કરવાની રહેશે.

- તાલીમ દરમ્યાન ઉમેદવારોને કેન્દ્રીય સરકારની રેલ્વે, બેંકિંગ, સ્ટાફ સિલેક્શન જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓને આવરી લેતાં નીચેના વિષયો પર તાલીમ આપવામાં આવશે.

| | |
|---|---|
| વર્બલ (મૌખિક) અને નોન વર્બલ રીઝનીંગ | કોમ્પ્યુટર અવેરનેશ |
| કોન્ટીટેટીવ એપ્ટીટ્યુડ | માર્કેટીંગ અવેરનેશ |
| ઈંગ્લિશ (ગ્રામર અને કોમ્પ્રીહેન્શન) | બેંકીંગ અવેરનેશ |
| જનરલ અવેરનેશ અને કરન્ટ અફેર્સ | મોકઈન્ટરવ્યુ |

- તાલીમ દરમ્યાન ઉમેદવારોની રેગ્યુલર મોકટેસ્ટ પણ લેવામાં આવશે.

- ઉમેદવારોએ વ્યાખ્યાન અને મોકટેસ્ટમાં નિયમિત હાજરી આપવાની રહેશે.

## તાલીમવર્ગમાં હાજરી બાબત:

- તાલીમવર્ગમાં ઉમેદવારોની ૭૫% હાજરી ફરજિયાત રહેશે તેનાથી ઓછી હાજરી ધરાવતા ઉમેદવારોની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

- તાલીમવર્ગ પૂર્ણ થયેથી ૭૫% કે તેથી વધારે હાજરી ધરાવતા ઉમેદવારોની ડિપોઝીટની રકમ રિફંડ કરવામાં આવશે.

## કોરોના ગાઈડલાઈન:

- રજીસ્ટ્રેશન કેમ્પ દરમ્યાન તમામ ઉમેદવારોએ સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ વખતોવખતની સૂચનાઓનો અચૂકપણે અમલ કરવાનો રહેશે. માસ્ક ફરજિયાતપણે પહેરવાનું રહેશે.

## મેરિટ નંબર જાણવા માટે:

-સ્પીપાની વેબસાઈટ પર માંથી ઉમેદવારો પોતાના રોલનંબર મુજબ પોતાનો મેરિટ નંબર જાણી શકશે. લિંક https://spipa.gujarat.gov.in/downloads/Combined_Merit_CGRS_24112021.pdf

## <u>સીજીઆરએસસી તાલીમવર્ગ ૨૦૨૧-૨૨ના શુભારંભ બાબત:</u>

- સ્પીપા-અમદાવાદ ખાતે બેચ-૧ના તાલીમવર્ગનો શુભારંભ તા.૧૪/૦૩/૨૦૨૨ને સોમવારથી કરવામાં આવેલ છે. જે ઉમેદવારોને સ્પીપા અમદાવાદ બેચ-૧ ફાળવવામાં આવેલ છે તેઓએ સ્પીપા અમદાવાદ ખાતે વ્યાખ્યાન ભરવા સારું હાજર થવાનું રહેશે. આ અંગેની નોટિસ તા.૧૧/૦૩/૨૦૨૨ના રોજ સંસ્થાની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ.

- <u>પ્રાદેશિક તાલીમ કેન્દ્ર અમદાવાદ ખાતે બેચ-૧ના તાલીમવર્ગનો શુભારંભ તા.૨૨/૦૩/૨૦૨૨ને મંગળવારના રોજથી કરવામાં આવનાર છે</u>. જે ઉમેદવારોને પ્રાદેશિક તાલીમ કેન્દ્ર અમદાવાદ ખાતે બેચ-૧માં પ્રવેશ મળેલ છે તેઓએ સંબંધિત તાલીમકેન્દ્ર ખાતે નિયત તારીખે સવારે ૧૦.૦૦ કલાકથી રાબેતા મુજબ હાજર થવાનું રહેશે. જેનું વિગતવાર સરનામું નીચે મુજબ છે.

**Regional Training Centre, Ahmedabad**
Opp. Prahladnagar Garden-Corporate Road,
Behind Ashwaraj Bunglows, Opp. Safal Prelude Building,
Prahladnagar, Ahmedabad-380 015

- પ્રાદેશિક તાલીમ કેન્દ્ર રાજકોટ, વડોદરા અને સુરત ખાતે તાલીમવર્ગ શરૂ થવા અંગેની જાણ ચોથા તબક્કાના રજીસ્ટ્રેશન કેમ્પ પૂર્ણ થયા બાદ અલગથી કરવામાં આવશે. સર્વે ઉમેદવારોએ સંસ્થાની વેબસાઈટ નિયમિતપણે જોતાં રહેવું.

**Sd/**
નાયબ નિયામક(મહેસુલ)
સ્પીપા, અમદાવાદ

તા:૧૭/૦૩/૨૦૨૨

સ્થળ: અમદાવાદ